# રાજકોટ મહાનગરપાલિકા

**શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ સ્થિત ૦૪ સિમેન્ટ વિકેટ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરનું ટેકનીકલ બીડ**

..............................................................................................................................................

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડર ભરનારનું પુરૂ નામ:- | | |
| ૨ | ટેન્ડર ભરનારનું પુરૂ સરનામું:- | | |
| | | | |
| | | | |
| ૩ | એકેડમી/સંસ્થાનું પુરૂ નામ:- | | |
| ૪ | એકેડમી/સસ્થાનું પુરૂ સરનામું:- | | |
| | | | |
| | | | |
| ૫ | ટેન્ડરરના કોન્ટેક્ટ નંબરની વિગત:- | મોબાઈલ નંબર: | |
| | | ઓફીસ નંબર: | |
| | | રેસીડેન્સ નંબર: | |
| ૬ | મુખ્ય કોચનું પુરૂ નામ તથા લાયકાત (લાયકાત માટે જુઓ શરત નં.૧૫) | | |

**રેસકોર્ષ સંકુલ સ્થિત શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ પરિસર ખાતે આવેલ ૦૪ સિમેન્ટ વિકેટ વ્યક્તિ/ સંસ્થા/એકેડમી ને કોચીંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરની શરતો તથા નિયમો :**

1. ભાવ ભરનારે ટેન્ડર ભરતા પહેલા તમામ વિગતો વાંચી ટેન્ડર ભરવાનું રહેશે. ટેન્ડરર સ્થળની મુલાકાત લે તે ઇચ્છનીય છે. ટેન્ડરરે સ્થળની મુલાકાત લઇને જ ભાવ ભરેલ છે તેમ માનવામાં આવશે. આ બાબત માટે ભવિષ્યમાં કોઈપણ વાંધો માન્ય રહેશે નહિ. ભાવની વિગત આંકડામાં તથા શબ્દોમાં સ્પષ્ટ દર્શાવવી.
2. એકેડમી માટે ૦૪ સિમેન્ટ વિકેટ ભાડે આપવામાં આવશે. જે ચબુતરા ગ્રાઉન્ડ તરફના ગેઇટથી ક્રિકેટ મેદાનમાં પ્રવેશતા આવેલ, સ્ટોરરૂમ તરફથી અનુક્રમે ૧,૨,૩,૪ રહેશે.

ટેન્ડરરનું નામ ·　　　　　　　　　　　　　　ટેન્ડરરની સહી ·

# રાજકોટ મહાનગરપાલિકા

**શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ  સ્થિત ૦૪ સિમેન્ટ વિકેટ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના કામના  ટેન્ડરનું ટેકનીકલ બીડ**

.................................................................................................................................................................

3. ઉપલબ્ધ ૦૪ સિમેન્ટ વિકેટ પૈકી ૦૩ વિકેટ સવારે તથા ૦૧ વિકેટ સવારે રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ તથા પદાધિકારીઓ પોતાની પ્રેકટીસ પુર્ણ કરે ત્યારબાદ તથા સાંજ માટે ૦૪ વિકેટ નિયત સમય માટે ભાડે આપવામાં આવશે.
4. આ ૦૪ સિમેન્ટ વિકેટ માટે અપસેટ વાર્ષિક કિંમત રૂ.૨,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ દસ હજાર પુરા) રહેશે.
5. સિમેન્ટ વિકેટ વર્ક ઓર્ડર તારીખથી ૦૨(બે) વર્ષ માટે ફાળવવામાં આવશે.
6. **વિકેટ ભાડે રાખનાર સંસ્થાને સિમેન્ટ વિકેટ સિવાય પરિસરની અન્ય કોઇપણ સુવિધાનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ.**
7. શરતી ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહિ. અપસેટ ભાવથી નીચે ભાવ ભરનારનું ટેન્ડર રદ્દ કરવામાં આવશે.
8. સિક્યોરીટી ડીપોઝીટ મંજુર થયેલ કુલ દ્વિવાર્ષિક ભાડાની રકમના ૦૫% રહેશે. જે "રાજકોટ મહાનગરપાલિકા" જોગ ડીમાન્ડ ડ્રાફટ કે ફિકસ્ડ ડીપોઝીટના સ્વરૂપમાં આપવાની રહેશે.
9. સિમેન્ટ વિકેટ ભાડે રાખનાર સિમેન્ટ વિકેટ પરિસર ખાતે કોમર્શીયલ જાહેરાત (પોતાના વ્યકતિ/સંસ્થા/એકેડમીના બેનર સિવાયના) કરવા માંગતા હોય તો રૂ.૫૦૦/- પ્રતિદિન/પ્રતિ જાહેરાત અલગથી ચૂકવવાના રહેશે તથા આ જાહેરાત કાનુની રીતે નિષેધાત્મક અને સુરુચિનો ભંગ ન થાય તેવી હોવી જોઈએ.
10. ૦૪ સીમેન્ટ વિકેટ પૈકી ૦૩ સિમેન્ટ વિકેટ સવારે ૬.૦૦ થી સવારે ૧૦.૦૦ સુધી તથા ૦૪ વિકેટ બપોરે ૦૪ થી સાંજના ૦૭.૩૦  સુધીના સમયગાળા માટે ભાડે આપવામાં આવશે. સમય કોઈપણ સંજોગોમાં ફેરવી શકાશે નહિ.
11. સિમેન્ટ વિકેટ ભાડે રાખવા એક કરતા વધુ અરજીઓ આવ્યેથી, મહત્તમ ભાડું (H1) ભરનારને પ્રાધાન્ય આપી સિમેન્ટ વિકેટ ભાડે આપવામાં આવશે.
12. સિમેન્ટ વિકેટનો ઉપયોગ કરતી વખતે કોઇપણ વ્યક્તિને કોઈપણ પ્રકારની ઈજા/નુકસાન કે જાનહાનિ ન થાય તેની કાળજી ટેન્ડર ભરનારે રાખવાની રહેશે. તેમજ તમામ જવાબદારી ટેન્ડર ભરનારની રહેશે. રાજકોટ મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.
13. સિમેન્ટ વિકેટનો ઉપયોગ કરતી વખતે સિમેન્ટ વિકેટમાં આવેલ વસ્તુને નુકશાન/અડચણ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. આવું થયે સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તથા તફાવતની રકમ નિયમાનુસાર વસુલ કરવામાં આવશે. જે સિમેન્ટ વિકેટ ભાડે રાખનારને બાધ્ય રહેશે.
14. સિમેન્ટ વિકેટ ભાડે રાખનાર વ્યકતિ/સંસ્થા/એકેડમી માત્ર પોતેજ આ સિમેન્ટ વિકેટનો ઉપયોગ કરી શકશે. ભાડે રાખનાર સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ/સંસ્થા સિમેન્ટ વિકેટનો ઉપયોગ કરી શકશે નહિ.

ટેન્ડરરનું નામ :  ટેન્ડરરની સહી :

# રાજકોટ મહાનગરપાલિકા

**શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ સ્થિત ૦૪ સિમેન્ટ વિકેટ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરનું ટેકનીકલ બીડ**

---

15. સિમેન્ટ વિકેટ ભાડે રાખનારે કોચીંગ માટે મુખ્ય કોચ તરીકે રણજીત ટ્રોફી/વીજય હઝારે/સય્યદ મુસ્તાક અલી ટ્રોફી રમેલ હોઇ અથવા BCCI ના લેવલ ૧/૨/૩ નો કોચીંગ કોર્ષ કરેલ હોઇ તે કક્ષાના કોચ રાખવાના રહેશે. આ ટેન્ડર ફોર્મ સાથે મુખ્ય કોચના આ અંગેના સર્ટીફિકેટ સામેલ રાખવાના રહેશે. તેમજ આ કોચ બદલ્યે રાજકોટ મહાનગરપાલિકાને તુરંતજ લેખિતમાં જાણ કરવાની રહેશે.
16. સિમેન્ટ વિકેટ ભાડે રાખનારે સરકારી/અર્ધસરકારી સંસ્થાની મિલ્કતમાં ક્રિકેટ કોચીંગ એકેડમી ચલાવેલ હોય તેવા ઓછામાં ઓછા ૦૨ વર્ષ માટેના અનુભવના પ્રમાણપત્ર સામેલ રાખવના રહેશે.
17. સિમેન્ટ વિકેટ ભાડે રાખનારે કોચીંગ તથા વ્યવસ્થાપક સ્ટાફ પોતાના ખર્ચે રાખવાના રહેશે.
18. સિમેન્ટ વિકેટ સીકયુરીટી તથા સફાઇ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. વીજળી ખર્ચ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચુકવવામાં આવશે. આ સિવાય અન્ય કોઇપણ ખર્ચ રાજકોટ મહાનગરપાલિકા ભોગવશે નહિ.
19. તાલીમ દરમિયાન ખેલાડી,કોચ અથવા સંસ્થાના પ્રતિનિધિ સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ સિમેન્ટ વિકેટમાં પ્રવેશ કરી શકશે નહિ.
20. સિમેન્ટ વિકેટ પરિસરમાં કોઈપણ ફૂડ પેકેટસ કે અન્ય ફૂડ આઈટમ સાથે લાવી શકાશે નહી. ધુમ્રપાન,પાન,માવા,ફાકી,કેફી દ્રવ્યોનું સેવન નિષેધ રહેશે. આવુ કરવાના કિસ્સામાં ગ્રાઉન્ડ કો-ઓર્ડીનેટરશ્રી સિમેન્ટ વિકેટ ખાલી કરાવશે.
21. સિમેન્ટ વિકેટ ભાડે રાખનાર પાસેથી ભાડું એડવાન્સ ચેકથી કુલ ભાડા રકમના **<u>૦૪ (ચાર)</u>** સરખા ભાગ દ્વારા વસુલવામાં આવશે. આ એડવાન્સ ચેક તથા સિક્યોરીટી ડીપોઝીટનો ચેક જમા કરાવ્યા બાદ જ વર્ક ઓર્ડર મળવાપાત્ર થશે.
22. સિમેન્ટ વિકેટ ભાડે રાખનારે ભાડા ઉપરાંત નિયમાનુસારના સહીતના વખતોવખત લાગુ પડતા કરવેરાઓ ભરપાઈ કરવાના રહેશે જે ઉપરોક્ત મંજુર થયેલ ભાવ ઉપરાંતના રહેશે.
23. રાજકોટ મહાનગરપાલિકાના વખતોવખતના ઠરાવો/હુકમો તથા પરિપત્રોથી નિયત કરાયેલ તથા નિયત કરવામાં આવનાર તમામ નિયમો સિમેન્ટ વિકેટ ભાડે રાખનારને બંધનકર્તા રહેશે જેનો ભંગ થયે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.
24. રાજકોટ મહાનગરપાલિકા તરફથી સુચના મળ્યે એકેડમી માટે સિમેન્ટ વિકેટ ભાડે રાખનારે સિમેન્ટ વિકેટ રાજકોટ મહાનગરપાલિકા સુચવે તેને ફાળવવાની રહેશે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા કોઇ વળતર ચુકવશે નહી અને અન્ય કોઇ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપશે નહી. તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મેઇનટેનન્સ માટે સુચવેલ દિવસે સિમેન્ટ વિકેટનો ઉપયોગ કરી શકાશે નહિ.
25. રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા પદાધીકારીશ્રીઓને પ્રેક્ટિસ માટે સિમેન્ટ વિકેટની જરૂર પડ્યે તેને ફાળવવાની રહેશે.

ટેન્ડરરનું નામ ·                                        ટેન્ડરરની સહી ·

26. સિમેન્ટ વિકેટ ભાડે રાખવાથી, ભાડે રાખનાર તથા તેમાં તાલીમ આપનાર કોઈપણ વ્યક્તિ, સંસ્થા વિગેરેનો સિમેન્ટ વિકેટની માલિકી અંગેનો કે રાજકોટ મહાનગરપાલિકામાં કોઈપણ રીતે નોકરી કે અન્ય કોઇપણ બાબત અંગેનો હક્ક પ્રસ્થાપિત થઇ શકશે નહિ.
27. સિમેન્ટ વિકેટ ભાડે રાખનાર સંસ્થાએ ખેલાડીઓ તથા કોચને આઇ-કાર્ડ આપવાના રહેશે. જે ખેલાડીઓ તથા કોચે ફરજિયાતપણે સાથે રાખવાના રહેશે.
28. સિમેન્ટ વિકેટ પરિસરમાં પરવાનગી વગર કાયમી કે હંગામી બાંધકામ કરી શકાશે નહી કે મંડપ નાખી શકાશે નહિ.
29. ઉપરોક્ત નિયમોનો ભંગ થયે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.
30. રાજકોટ મહાનગરપાલિકા સિવાયની અન્ય કોઈ સરકારી/અર્ધસરકારી કચેરીની આનુસંગિક મંજુરી વિકેટ ભાડે રાખનાર સંસ્થાએ પરભારે અને સ્વખર્ચે અચુકપણે લેવાની રહેશે આ બાબતે રાજકોટ મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેશે નહિ.
31. સિમેન્ટ વિકેટની ફાળવણી અથવા અન્ય કોઈપણ બાબતે વાદ-વિવાદ, તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થયે કમિશનરશ્રી,રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.આ અંગેનું ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.
32. કરારનો સમય પૂર્ણ થયે સંસ્થાએ સિમેન્ટ વિકેટનો શાંત નિર્ભય કબજો રાજકોટ મહાનગરપાલિકાને પરત કરવાનો રહેશે. જે બાદ સિક્યોરીટી ડીપોઝીટ પરત કરવામાં આવશે.
33. આ માટે પ્રી-બીડ મીટીંગ **તા.૨૭/૦૨/૨૦૨૫** ના રોજ ડી.એમ.સી.શ્રી ની કચેરી, શ્રી આંબેડકર ભવન,ઢેબર રોડ રાજકોટ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે/ યોજાશે.
34. આ કામનુ ટેન્ડર **તા.૨૧/૦૨/૨૦૨૫ થી તા.૧૭/03/૨૫** ના સાંજે ૫:૦૦ કલાક સુધી www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. ફોર્મ ડાઉનલોડ કર્યા બાદ રૂ.૭૫૦/- (અંકે રૂપિયા સાતસો પચાસ પુરા) નો **રાજકોટ મહાનગરપાલિકા"** જોગ કઢાવેલ ટેન્ડર ફી પેટેનો ડી.ડી ટેન્ડર ફોર્મ સાથે સામેલ રાખવાનો રહેશે. અન્યથા ટેન્ડર ફોર્મ રદબાતલ ગણાશે.
35. ટેન્ડર ફોર્મ સાથે રૂ.૪,૨૦૦/- ની રકમનો **રાજકોટ મહાનગરપાલિકા"** જોગ કઢાવેલ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટેનો ડી.ડી સામેલ રાખવાનો રહેશે. અન્યથા ટેન્ડર ફોર્મ રદબાતલ ગણાશે.

ટેન્ડરરનું નામ ·                    ટેન્ડરરની સહી ·

# રાજકોટ મહાનગરપાલિકા

**શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ સ્થિત ૦૪ સિમેન્ટ વિકેટ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરનું ટેકનીકલ બીડ**

---

ટેન્ડર ફોર્મ સાથે સામેલ રાખવાના ડોકયુમેન્ટની વિગત :

1. ટેન્ડર ફી રૂ. ૭૫૦/- ની રકમનો ડી.ડી
2. રૂ.૪,૨૦૦/- ની રકમનો ડી.ડી.
3. કાર્ડની નકલ
4. આધાર કાર્ડની નકલ
5. બેંક પાસબુકની ઝેરોક્ષ
6. મુખ્ય કોચની લાયકાતના સર્ટીફીકેટની નકલ
7. ઓફીસ એડ્રેસનો પુરાવો(હોય તો)
8. GST રજીસ્ટ્રેશનનો પુરાવો (હોય તો)
9. પાર્ટનરશીપ ડીડની નકલ (હોય તો)
10. પ્રોફેશનલ ટેક્ષ ભર્યાની પાવતી (ચાલુ નાણાકીય વર્ષ)
11. શોપ લાયસન્સની નકલ (જો લાગુ પડતુ હોય તો)
12. ઇ.પી.એફ. તથા ઇ.એસ.આઇ.સી.ભર્યાની પાવતી (લાગુ પડે તો)

**** ઉપરોકત તમામ ડોકયુમેન્ટ સ્વપ્રમાણિત (SELF ATTESTED) કરીને રાખવાના રહેશે.**

ઉપરોક્ત તમામ બિડાણો સાથેનું ટેકનીકલ બીડ અલગ સીલબંધ કવરમાં મોકલી આપવાનું રહેશે. ટેકનીકલ બીડના કવર પર શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ સ્થિત ૦૪ સિમેન્ટ વિકેટ એકેડમી/ઇન્સ્ટીટયુટને કોચીંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરનું ટેકનીકલ બીડ એમ સ્પષ્ટપણે લખવાનું રહેશે.

પ્રાઇસ બીડ WWW.NPROCURE.COM પર ભરવાનું રહેશે. પ્રાઇસ બીડ ભરવાની આખરી તારીખ તા.૧૮/૦૩/૨૦૨૫ **, સાંજે ૬:૦૦** કલાક રહેશે.

ટેકનીકલ બીડ ઓ.એસ.ડી ની કચેરી શ્રી વીર સાવરકર ઇન્ડોર સ્ટેડીયમ, રેસકોર્ષ રીંગ રોડ,રાજકોટ. ખાતે **તા.૨૦/૦૩/૨૦૨૫** સુધીમાં સીલબંધ કવરમાં ઓફીસ અવર્સ દરમિયાન ફકત સ્પીડપોસ્ટ/રજી.એ.ડી. દ્વારા રજુ કરવાના રહેશે. ટેકનીકલ બીડ **તા.૨૪/૦૩/૨૦૨૫** ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકે ડી.એમ.સી.શ્રી ની કચેરી, શ્રી આંબેડકર ભવન,ઢેબર રોડ રાજકોટ. ખાતે ખોલવામાં

ટેન્ડરરનું નામ : ટેન્ડરરની સહી :

# રાજકોટ મહાનગરપાલિકા

**શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ  સ્થિત ૦૪ સિમેન્ટ વિકેટ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના કામના  ટેન્ડરનું ટેકનીકલ બીડ**

..........................................................................................................................................................

આવશે. જે ટેન્ડરરના ટેકનીકલ બીડ કવોલીફાઇ થશે તેમના જ પ્રાઇસ બીડ **તા.૨૫/૦૩/૨૫** ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે

હું નીચે સહી કરનાર શ્રી ........................................................................................... આ સાથે સામેલ ઉપરોકત તમામ શરતો અને નિયમો ( ૦૧ થી ૩૫)  વાંચી, તમામ બાબતો જોઇ, વિચારી તથા  સમજી સિમેન્ટ વિકેટ ભાડે લેવા બંધાઉ છું. જે બદલ નીચે સહી કરી આપુ છું.

| | |
|---|---|
| ટેન્ડર ભરનારની સહી: | |
| ટેન્ડર ભરનારનું નામ: | |
| ટેન્ડર ભરનારની સંસ્થાનું નામ: | |
| સ્થળ તથા તારીખ : | |

ટેન્ડરરનું નામ ·                                                   ટેન્ડરરની સહી ·